# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 11-09-2024** **Evening : 7.10 to 7.20**

**Day : Wednesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **હિના મોદી** વાંચે છે.

---

- ❖ કચ્છના અબડાસા અને લખપતમાં શંકાસ્પદ તાવના કારણે 11 લોકોના મોત થયા હોવાની રાજ્ય સરકારે પુષ્ટી કરી.
- ❖ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આગામી 16 સપ્ટેમ્બરે અમદાવાદથી ગાંધીનગર સુધીના મેટ્રો ટ્રેનના બીજા તબક્કાનો પ્રારંભ કરાવશે..
- ❖ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે સાઈબર હેલ્પલાઈન નંબર 1930ના ઉત્કૃષ્ટ વ્યવસ્થાપન બદલ રાજ્ય પોલીસને વિશેષ પુરસ્કાર એનાયત કર્યો.
- ❖ ગીર અને દેવળિયા પાર્કને જોડતા માર્ગના મજબૂતીકરણ માટે 43 કરોડ 50 લાખ રૂપિયા મંજૂર કરાયા..
- ❖ યાત્રાધામ અંબાજીમાં આવતીકાલથી ભાદરવી પૂનમ મહામેળાનો પ્રારંભ..

-------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# KUTCH- FEVER DIED

રાજ્ય સરકારે કચ્છના અબડાસા અને લખપતમાં શંકાસ્પદ તાવના કારણે 11 લોકોના મોતની પુષ્ટી કરી છે. આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે આજે કચ્છની મુલાકાત દરમિયાન પત્રકારો સાથેની વાતચીતમાં જણાવ્યું કે, રાજ્ય સરકારે દર્દીઓની સારવાર અને સ્વાસ્થયમાં ઝડપી સુધાર માટે પૂરતી વ્યવસ્થા કરી છે. અસરગ્રસ્ત વિસ્તારોમાં આરોગ્ય કર્મચારીઓની વિવિધ ટુકડીઓ ઘરેઘરે જઈ સરવે કરી રહી છે.

**(બાઇટ- ઋષિકેશ પટેલ-આરોગ્ય મંત્રી)**

જિલ્લાના પ્રભારી મંત્રી પ્રફૂલ પાનશેરિયા અને અન્ય ઉચ્ચ અધિકારીઓ સાથે આરોગ્યમંત્રીએ પણ લખપત અને અબડાસાના અસરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લીધી હતી.

# AHMEDABAD TO GANDHINAGAR METRO

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આગામી 16 સપ્ટેમ્બરે મેટ્રો ટ્રેનના બીજા તબક્કાના રૂટનો ગાંધીનગરના સેક્ટર એકથી પ્રારંભ કરાવશે. આ રૂટમાં અમદાવાદ અને ગાંધીનગરના GNLU, PDEU, ગિફ્ટ સિટી, રાયસણ, રાંદેસણ, ધોલાકુંઆ સર્કલ, ઇન્ફો સિટી તેમ જ સેક્ટર એકના વિસ્તારને આવરી લેવાશે.

અમદાવાદથી ગાંધીનગરના મેટ્રો ટ્રેનના બીજા તબક્કાનું અંતર 21 કિલોમીટરનું રહેશે. શરૂઆતમાં ગાંધીનગરના આઠ સ્ટેશન પર મેટ્રો ટ્રેન દોડશે અને આગામી દિવસોમાં આ મેટ્રો ટ્રેન સચિવાલય, અક્ષરધામ, જૂના સચિવાલય, સેક્ટર- 16, સેક્ટર- 24 અને મહાત્મા મંદિર સુધી જશે. જ્યારે અમદાવાદના વાસણા APMCથી ગાંધીનગરના સેક્ટર એક સુધીની સાડા 33 કિલોમીટરની મેટ્રો યાત્રાનું ભાડું 35 રૂપિયા રહેશે.

# CYBER SECURITY AWARD

રાજ્યમાં સાઈબર હેલ્પલાઈન નંબર 1930ના ઉત્કૃષ્ટ વ્યવસ્થાપન માટે ગુજરાત પોલીસને રાષ્ટ્રીયકક્ષાએ વિશેષ સન્માન મળ્યું છે. કેન્દ્રિય ગૃહમંત્રી અમિત શાહે રાજ્ય પોલીસ વડા વિકાસ સહાયને નવી દિલ્હી ખાતે આ માટેનો પુરસ્કાર એનાયત કર્યો હતો.

રાજ્ય સાઈબર સેલના **પોલીસ અધિક્ષક** ધર્મેન્દ્ર શર્માએ જણાવ્યું કે, રાજ્યમાં પહેલી જાન્યુઆરી 2024થી 10 સપ્ટેમ્બર 2024 સુધીમાં સાયબર ગુનાઓ સંબંધિત કુલ 93 હજાર 66 ફરિયાદ દાખલ થઈ છે, જેની સામે ગુજરાત પોલીસે ત્વરિત પગલાં લઈ છેતરપિંડીમાં ગયેલી રકમ પૈકીની 209 કરોડથી વધુની રકમ ફ્રીઝ કરવામાં સફળતા મેળવી છે.

હેલ્પલાઇન નંબર 1930ની કામગીરીમાં વધુ 90 કૉલર્સના સ્ટાફની ભરતી કરાશે. તેઓ ફરિયાદોની નોંધણી અને નાણાકીય સંસ્થાઓ સાથે વિશેષ સંકલન કરી નાગરિકોના છેતરપિંડીના નાણાં બચાવવા મદદરૂપ થશે. ઉપરાંત સાયબર ગુનાઓ માટે એક અલગથી ચેટબોટ તૈયાર કરવાની કામગીરી શરૂ કરવામાં આવી છે.

# AMIT CHAVDA LETTER

કૉંગ્રેસ નેતા અમિત ચાવડાએ વડોદરામાં વિશ્વામિત્રી નદીના તટિય વિસ્તારોમાં ગેરકાયદે બાંધકામોને દૂર કરવા મુદ્દે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલને એક પત્ર લખ્યો છે. પત્રમાં તેમણે આવા બાંધકામને કારણે પૂરની સ્થિતિ સર્જાઈ હોવાનો ઉલ્લેખ કર્યો છે. સાથે જ તેમણે આગામી 30 દિવસમાં આવા ગેરકાયદે બાંધકામ દૂર કરવા રજૂઆત કરી છે.

# GIR- SINH DARSHAN

રાજ્ય સરકારે જૂનાગઢ-ખડીયા-મેંદરડા-સાસણ રોડ અને તાલાલા-સાસણ રોડ એમ 42 કિલોમીટર લંબાઈના રસ્તાના મજબૂતીકરણ માટે 43 કરોડ 50 લાખ રૂપિયા ફાળવવાની મંજૂરી આપી છે. આના કારણે ગીરના સિંહોના દર્શન માટે ગીર અને દેવળિયા પાર્ક જવું વધુ સરળ બનશે.

ગીર અભયારણ્યમાં અને દેવળિયા પાર્કમાં સિંહ દર્શન માટે આવનારા પ્રવાસીઓ સાસણ ગીર જવા માટે આ માર્ગનો ઉપયોગ કરે છે. તેમ જ જુનાગઢથી ગીર સોમનાથને જોડતો આ માર્ગ પ્રવાસીઓને પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથના દર્શને જવા માટેનો પણ મહત્વપૂર્ણ છે.

# CM UMIYADHAM DHAJA MAHOTSAV

સંસ્કૃતિનું જતન કરી નવી પેઢીને પ્રેરણા આપવાનું કામ આપણે કરવાનું છે તેમ જણાવી મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે છોડમાં પરમાત્મા, વૃક્ષમાં વાસુદેવ અને છોડમાં રણછોડની ભાવના થકી વારસો જળવાઇ રહે તે માટે સહિયારો પ્રયાસ કરવા અપીલ કરી હતી. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે મહેસાણામાં ઊંઝાના શ્રી ઉમિયા માતાજી મંદિર ખાતે ધજા મહોત્સવનો શુભારંભ કરતી વખતે આ મુજબ જણાવ્યું હતું.

મુખ્યમંત્રીએ પ્રધાનમંત્રીના વિકસિત ભારત સંકલ્પને સિદ્ધ કરવા આપણે વિરાસતનું ગૌરવ વધારવા નાગરિક કર્તવ્યોનું પાલન કરવાની અપીલ પણ કરી હતી. શ્રી ઉમિયા મંદિરમાં પ્રાંગણને પ્લાસ્ટિકમુક્ત બનાવવાના પ્રયાસરૂપે મુખ્યમંત્રીએ 10 રૂપિયાનો સિક્કો મશીનમાં મુકી ક્લૉથ બેગ વેન્ડીંગ મશીનનું ઉદ્ઘાટન કર્યું હતું.

ઉલ્લેખનીય છે કે, ઊંઝામાં ઉમિયા માતાજી નીજ મંદિરના એક હજાર ૪68 વર્ષની ઉજવણીના ભાગરૂપે આ મહોત્સવનું આયોજન કરાયું છે.

# BHADARVI POONAM MELO

યાત્રાધામ અંબાજીમાં આવતીકાલથી ભાદરવી પૂનમ મહામેળાનો પ્રારંભ થશે. 18મી સપ્ટેમ્બર સુધી યોજાનારા આ મેળા માટે ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ, શ્રી આરાસુરી અંબાજી દેવસ્થાન ટ્રસ્ટ અને બનાસકાંઠા જિલ્લા વહીવટીતંત્ર યાત્રાળુઓની સુવિધા માટે તૈયારીઓને આખરી ઓપ અપાઇ રહ્યો છે.

આ મેળામાં અંદાજે 30 લાખથી વધુ યાત્રાળુઓ ભાગ લે તેવી શક્યતા છે. યાત્રાળુઓ માટે એક QR કોડ પણ તૈયાર કરાયો છે, જેને સ્કેન કરવાથી સુવિધા અંગેની તમામ માહિતી સ્થળ સાથે મળી રહેશે. ઉપરાંત પગપાળા યાત્રાળુઓ માટે આ વર્ષે ચાર વિવિધ સ્થળોએ વૉટરપ્રૂફ ડૉમ બનાવવામાં આવ્યા છે. આ અંગે બનાસકાંઠાના કલેક્ટર મિહિર પટેલે વધુમાં આ મુજબ જણાવ્યું...

**(બાઇટ- મિહિર પટેલ, બનાસકાંઠાના કલેક્ટર)**

# AMBAJI TEMPLE TIME

ભાદરવી પૂનમના મેળા દરમિયાન અંબાજી મંદિરની આરતી તથા દર્શનના સમયમાં ફેરફાર કરાયો છે. મંદિરમાં સવારે 6થી સાડા 6 વાગ્યા સુધી આરતી થશે. જ્યારે સવારે સાડા 6 વાગ્યાથી સાડા 11 વાગ્યા સુધી ભક્તો દર્શન કરી શકશે. ત્યારબાદ બપોરે 12 વાગ્યે માતાજીને રાજભોગ અર્પણ કરાશે. બપોરે સાડા 12 વાગ્યાથી સાંજના 5 વાગ્યા સુધી દર્શન, સાંજે સાતથી સાડા 7 વાગ્યા સુધી આરતી, સાડા સાતથી રાત્રે 12 વાગ્યા સુધી દર્શન થઈ શકશે. આગામી 19 સપ્ટેમ્બરથી મંદિરમાં આરતી અને દર્શનનો સમય રાબેતા મુજબ રહેવાનું શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટે યાદીમાં જણાવ્યું છે..

# SURAT GRAM SADAK

રાજ્ય સરકાર દ્વારા સુરતના બારડોલી- માંડવી અને સોનગઢ તાલુકામાં 44 કરોડ 68 લાખ રૂપિયાના 24 રસ્તાના કામને મંજૂરી આપવામાં આવી છે. મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ વિવિધ રસ્તાઓ પર સમારકામ, મજબૂતીકરણની કામગીરી કરાશે.

માર્ગ અને મકાન વિભાગ દ્વારા બારડોલી તાલુકામાં 40 લાખ રૂપિયાના ખર્ચે, માંડવી તાલુકાના ઝાબ, પાતાળ, વેરાકુઈ, માંગરોળ રોડ, તડકેશ્વર રોશવાડ વિરપોર સહિત 12 રસ્તાઓના સમારકામ અને મજબૂતીકરણનું કામ કરાશે. સાથે જ સોનગઢ તાલુકામાં પણ 11 કરોડ 78 લાખ રૂપિયાના ખર્ચે અન્ય 12 રસ્તા મળી કુલ 24 રસ્તા પર મજબૂતીકરણ સહિતની કામગીરી કરવામાં આવશે.

# PALANPUR LOK ADALAT

આગામી 14 સપ્ટેમ્બરના રોજ રાજ્યભરમાં રાષ્ટ્રીય લોક અદાલતનું આયોજન કરાયું છે. આ લોક અદાલતમાં લઘુતમ બૅંકને લગતા દાવા, વાહનને લગતા દાવા, લગ્નજીવનની તકરારને લગતા દાવા, મજૂર તકરારને લગતા દાવા, જમીન સંપાદનને લગતા કેસ, પાણી તેમજ વીજળીને લગતા કેસ, મહેસૂલી દાવા તથા દીવાની તકરારને લગતા દાવા સમાધાન માટે મૂકી શકાશે.

આ અંગે લોકોમાં વધુ જાગૃતતા આવે એ માટે ગુજરાત વડી અદાલતનાં મુખ્ય ન્યાયાધીશ સુનિતા અગ્રવાલ તેમજ કાર્યકારી અધ્યક્ષ બીરેન વૈષ્ણવનો આવતીકાલે  સાંજે 6 વાગ્યે તેમજ 13 સપ્ટેમ્બરે રાત્રે સાડા નવ વાગ્યે દૂરદર્શન પર હાઝિર હો નામનો કાર્યક્રમ પ્રસારિત થશે. જેમાં લોકોને કાયદાકીય કાર્યવાહી વિશે માહિતી અપાશે.

# GNLU- BAL WORKSHOP

GNLU ગાંધીનગર ખાતે સામાજીક ન્યાય અને અધિકારિતા મંત્રી ભાનુબેન બાબરિયાની અધ્યક્ષતામાં મિશન વાત્સલ્ય અંતર્ગત એક દિવસીય ‘બાળ સુરક્ષા’ કાર્યશાળા યોજાઇ ગઇ.. મંત્રીશ્રીએ જણાવ્યું કે, કાયદા સાથે સંપર્ક- સંઘર્ષમાં આવતા બાળકોને સમાજના મુખ્ય પ્રવાહમાં પુનઃસ્થાપિત કરવા રાજ્ય સરકાર સંકલ્પબદ્ધ છે.

તેમણે કહ્યું કે, આ કાર્યશાળાનો મુખ્ય ઉદ્દેશ્ય બાળ કલ્યાણ સમિતિના સભ્યો અને જુવેનાઇલ જસ્ટિસ બોર્ડના સભ્યોમાં બાળ અધિકાર આધારિત અભિગમ અપનાવવા તેમજ બાળ મૈત્રીપૂર્ણ વાતાવરણ પરત્વે વધુ સંવેદનશીલતા લાવી બાળ સુરક્ષાના વિષયોમાં જાગૃતિ લાવવાનો છે..

મંત્રીશ્રીએ ઉમેર્યું કે, હાલ ગુજરાતમાં ૧૨૦ બાળ સંભાળ સંસ્થામાં 3 હજાર ૭૬ જેટલા બાળકો સંસ્થાકીય સંભાળ હેઠળ આશ્રય લઇ રહ્યા છે. જ્યાં આ બાળકોને જીવન જરૂરી તમામ ચીજ-વસ્તુઓ પૂરી પાડવામાં આવે છે.

# NEWS IN BRIF

## અને હવે સાંભળીએ કેટલાક સમાચાર સંક્ષિપ્તમાં....

- ❖ સુરેન્દ્રનગરના ચોટીલા ખાતે પાંચમી રાજ્યકક્ષા ચોટીલા આરોહણ-અવરોહણ સ્પર્ધા યોજાશે, જેના માટે સ્પર્ધકોએ 25 ઓક્ટોબર, 2024 સુધીમાં પ્રવેશપત્ર ભરવાનું રહેશે.
- ❖ મહીસાગર જિલ્લાની ૧૩૧૬ આંગણવાડી કેન્દ્રોમાં મમતા દિનની ઉજવણી કરાઈ..
- ❖ નર્મદામાં પોષણ માસ અંતર્ગત બાળતુલા દિવસની ઉજવણી કરી સ્વસ્થ બાળક સ્પર્ધાનું આયોજન કરાયું.

- ❖ અમદાવાદ મહાનગરપાલિકાએ ગણપતિ ભગવાનની નાની- નાની મુર્તિઓના વિસર્જન માટે જુદા જુદા સ્થળોએ પવિત્ર વિસર્જનકુંડ તૈયાર કર્યા.
- ❖ દેવભૂમિ દ્વારકાના જગતમંદિરમાં અને અમદાવાદ ઇસ્કોન મંદિરમાં રાધાઅષ્ટમીની ઉજવણી કરવામાં આવી..